અપીલ અરજી નં.૬૦૧ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પંકજભાઈ પાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજભાઈ પાટીલની તા. ૨૯–૧૨–૧૧ની અરજીથી રામદેવનગર પ્લોટ નં.૨૫,૨૬ ધર્મયુગ સોસા. પાસે ઉધનાગામમાં ચાલી રહેલ બાંધક બાબતની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૧/૨૦૧૧–૧૨

શ્રી પંકજભાઈ પાટીલની તા. ૨૯–૧૨–૧૧ની અરજીથી રામદેવનગર પ્લોટ નં.૨૫,૨૬ ધર્મયુગ સોસા. પાસે ઉધનાગામમાં ચાલી રહેલ બાંધકામ બાબતની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૩૦ તા.૧૩–૨–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મૂળ માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ, તે સ્પષ્ટ કરવા સાથે અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યાર બાદ નારાજગી અંગે તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઝોન/ટેક./૭૭૩ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર તેમજ અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે પક્ષ રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૯–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમયગાળામાં કોઈ ઉત્તર મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર તેમજ અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક./૭૭૩ તા.૧૬–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપેલ છે. અરજદારની અરજીના નં.(૧) રામદેવનગર પ્લોટ નં.૨૫,૨૬ ધર્મયુગ સોસા. પાસે ઉધનાગામમાં ચાલી રહેલ બાંધકામ અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ માં જણાવેલ મિલ્કત નં.રામદેવનગર પ્લોટ નં.૨૫,૨૬ ધર્મયુગ સોસા. પાસે કઈ માહિતી આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ છે તે સ્પષ્ટ ન થતું હોય મુદ્દા નં.૧ ની માંગવામાં આવેલ માહિતી તેઓશ્રી ધ્વારા સ્પષ્ટતા થવાથી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. નં.(૨) આ બાંધકામ માટે આપવામાં આવેલ બાંધકામની રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત માટે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ રજાચિઠ્ઠી આપવામાં આવેલ ન હોય પ્રમાણિત નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. (૩) વિકાસ પરવાનગીની નકલ , નો ઓબ્જેશન સર્ટીફીકેટની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત માટે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ વિકાસ પરવાનગી તથા નો ઓબ્જેકશન સર્ટીફીકેટ આપવામાં આવેલ ન હોય તેઓ ધ્વારા માગવામાંઆવેલ નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. (૪) ઉધનાઝોનના કયા કયા વિભાગની પરવાનગી મેળવેલ છે તેની સંપૂર્ણ માહિતી તેમજ વિગતવાર

પ્રમાણિત નકલ. (૫) કેટલા ચોરસ ફુટ બાંધકામની પરવાનગી મેળવેલ છે તેની વિગત અને પ્રમાણિત નકલ.(૬) પ્લાન પાસની નકલ. તેવા મુદ્દા નં.૪ થી ૬ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત માટે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ ન હોય મુદ્દા નં.૪ થી ૬ થી માંગવામાં આવેલ નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. (૭) બાંધકામની પરવાનગી આપનાર અધિકારીનું નામ અને સંપર્ક નંબર આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત માટે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ ન હોય મુદ્દા નં.૭ માં માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગેલ બાંધકામ અંગે મુદ્દા નં.૧ થી ૭ ના મુદ્દાની દફતરી વિગત આપવામાં આવેલ છે. તેમ છતાં મુદ્દા ન.૧ માં જણાવ્યા અનુસાર અરજદાર સ્પષ્ટતા કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૨૯–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૫–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૯–૧૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ મુદ્દા નં.૧ બાબતે સ પષ્ટતા કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પંકજભાઈ પાટીલ,